# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 16-09-2024 Midday : 1.20 to 1.30
Day : Monday National News

### આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

*******************************************************

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગાંધીનગર ખાતે પુનઃ પ્રાપ્ય ઊર્જા રોકાણ સંમેલનને સંબોધતા કરતા કહ્યું કે દેશનું પ્રત્યેક ઘર ઊર્જા ઉત્પાદક બનવા તૈયાર
- પ્રધાનમંત્રી આજે ગુજરાતમાં વંદે મેટ્રો ટ્રેનને લીલી ઝંડી બતાવશે – રાજયમાં આઠ હજાર કરોડથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમૂહુર્ત પણ કરશે.
- જમ્મૂ કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણી માટેના પ્રથમ તબક્કા માટે આજે પ્રચાર પડઘમ શાંત થશે, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સહિતના નેતાઓ પ્રચાર મેદાનમાં.
- ચીનમાં આજે ભારત અને દક્ષિણ કોરિયા વચ્ચે હોકી એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીની સેમિ-ફાઈનલ રમાશે
- અને દેશભરમાં મુસ્લિમ બિરાદરો મિલાદ -ઉન – નબીની ઉજવણી કરી રહ્યા છે

*******************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## PM GANDHINAGAR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ગાંધીનગરના મહાત્મા મંદિરમાં ચોથી RE Invest global renewable energy meetનું ઉદઘાટન કરતા જણાવ્યું છે કે આપણું લક્ષ્ય ટોચ પર પહોંચવાનું નહીં, પરંતુ ટોચ પર ટકી રહેવાનું છે. તેમણે કહ્યું કે આપણે ઊર્જા આધારિત નથી. આથી આપણે સૌર ઊર્જા, પરમાણું ઊર્જા, પવન ઊર્જા

પર રહેવાનો નિર્ણય કર્યો છે. સંમેલન વિશે વાત કરતા પ્રધાનમંત્રીએ આ મુજબ જણાવ્યું.

BYTE – PM MODI

સંમેલનને સંબોધિત કરતા પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે તેમણે વિદેશ મંત્રીઓને જણાવ્યું કે મોઢેરામાં હજારો વર્ષ જૂનું સૂર્ય મંદિર છે. સાથે જ આ ગામ સૌર ગામ છે. વધુમાં શ્રી મોદીએ અયોધ્યામાં પણ ઘર ઘર સોલાર પેનલ લગાવવાના સરકારના પ્રયાસો વિશે વાત કરી. પ્રધાનમંત્રીએ જણાવ્યું કે દેશના 17 જેટલા શહેરોને સોલાર સિટી તરીકે વિકસાવવામાં આવી રહ્યા છે.

આ અગાઉ પ્રધાનમંત્રી ગુજરાત પ્રવાસના બીજા દિવસે સવારે વાવોલમાં પીએમ સૌર ઘર યોજનાના લાભાર્થીઓના ઘરે પહોંચ્યા હતા. અહીં તેમણે લાભાર્થીઓના ઘર ઉપર લાગેલી સોલાર સિસ્ટમનું નિરીક્ષણ કર્યું અને લાભાર્થીઓ સાથે સંવાદ કર્યો. બાદમાં તેઓએ મહાત્મા મંદિર ખાતે પુનઃ પ્રાપ્ય ઊર્જા સંમેલનનું ઉદ્ઘાટન કર્યું હતું.

# NAGPUR VANDE BHARAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સાંજે વીડિયો કૉન્ફરન્સના માધ્યમથી નાગપુર રેલવે મથકથી નાગપુર સિકંદરાબાદ વંદે ભારત ટ્રેનને લીલીઝંડી બતાવશે.

આ પ્રસંગે મહારાષ્ટ્રના રાજ્યપાલ સી.પી. રાધાકૃષ્ણન, કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીઅને નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ પણ ઉપસ્થિત રહેશે. નાગપુર રેલવે સ્ટેશન પરત્રણ વંદે ભારત ટ્રેનના શુભારંભ માટે આ કાર્યક્રમ યોજવામાં આવ્યો છે, જેમાં નાગપુર–સિકરંદાબાદ,પુણે–હુબલી અને કોલ્હાપુર પુણે માર્ગ સામેલ છે. વિદર્ભ વિસ્તાર માટે મહત્વની નાગપુર–સિકંદરાબાદ વંદે ભારત એક્સપ્રેસ આ બંને ઔદ્યોગિક શહેરને જોડશે અને પૂર્વ વિદર્ભમાં ચંદ્રપુર તેમ જ બલ્હારશાહ શહેરમાં રોકાશે.

# JK CAMPAIGN

કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણીના પહેલા તબક્કા માટે પ્રચાર આજે થંભી જશે. આ તબક્કામાં સાત જિલ્લાના ડોડા, કિશ્તવાડ, રામબન, અનંતનાગ, પુલવામા, કુલગામ અને શોપિયાં જેવા 24 વિધાનસભા મતવિસ્તારમાં 18 સપ્ટેમ્બરે મતદાન થશે.

જ્યારે બીજા અને ત્રીજા તબક્કા માટે 25 સપ્ટેમ્બરે અને પહેલી ઑક્ટોબરે મતદાન થશે. આ ચૂંટણીની મતગણતરી આઠ ઑક્ટોબરે થશે. જમ્મુ-કાશ્મીર વિધાનસભામાં 90 બેઠક છે, જેમાંથી 74 સામાન્ય બેઠક, સાત અનુસૂચિત જાતિ અને નવ બેઠક અનુસૂચિત જનજાતિ માટે અનામત છે.

# J&K-AMIT SHAH RALLY

ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે જમ્મૂ કાશ્મીરના પ્રવાસે છે. શ્રી શાહ રામબન, કિશ્તવાડ, પદ્દારમાં પક્ષના સમર્થનમાં ચૂંટણી પ્રચાર કરશે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અને કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે. પી. નડ્ડા 20મી સપ્ટેમ્બરે અહીં ચૂંટણી પ્રચાર કરશે.

જમ્મૂ કાશ્મીર વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટેનો પ્રચાર આજે સમાપ્ત થશે. 18 સપ્ટેમ્બરે મતદાન થશે. સાથે જ ત્રીજા તબક્કા માટે ઉમેદવારી પત્રો પાછા ખેંચવાનો આજે અંતિમ દિવસ છે.

# WORLDOZONE DAY

આજે આંતરરાષ્ટ્રીય ઓઝોન સ્તર સંરક્ષણ દિવસ ઉજવાઇ રહ્યો છે. વિવિધ વાયુઓના નરમ કવચના રૂપમાં, ઓઝોન વાયુનું સ્તર પૃથ્વીને સૂર્યના કિરણોની હાનિકારક અસરોથી સુરક્ષિત કરેછે અને પૃથ્વી પરના જીવનને બચાવવામાં મદદરૂપ થાય છે.

સામાન્ય રીતે ઉપયોગમાં લેવાતા ઘણા રાસાયણિક પદાર્થો ઓઝોન સ્તરને ગંભીર નુકસાન પહોંચાડી રહ્યા હોવાનું મનાઈ રહ્યું છે. આ વર્ષે આબોહવા ક્ષેત્રે આગળ વધો વિષય વસ્તુ સાથેઓ ઝોન દિવસની ઉજવણી કરાઇ રહી છે.

કાર્યક્રમમાં આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રાબાબુ નાયડૂ, મધ્યપ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવ સહિત 140 દેશોના 25 હજાર પ્રતિનિધિઓ સામેલ થયા છે. સંમેલન દરમિયાન 40થી વધુ સત્રો, 5 પેનલ ચર્ચા, 115થી વધુ બીટુબી મિટિંગનું આયોજન કરાયું છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

# HOCKY ASIANCHAMPIONSHIP

ચીનમાં આજે ભારત અને દક્ષિણ કૉરિયા વચ્ચે હોકીની એશિયન ચેમ્પિયન્સ ટ્રૉફી 2024ની સેમિ-ફાઈનલની મેચ રમાશે. આ મેચ ભારતીય સમય મુજબ બપોરે સાડા ત્રણ વાગ્યે શરૂ થશે. ભારત આ સ્પર્ધામાં અત્યાર સુધી એક પણ મેચ ન હારનારી ટીમ છે.

અગાઉ ભારતે ચીનને ત્રણ શૂન્યથી, જાપાનને પાંચ—એકથી, મલેશિયાને આઠ—એકથી, કૉરિયાને ત્રણ—એકથી અને પાકિસ્તાનને બે—એકથી હરાવ્યું છે. દરમિયાન સેમિ-ફાઈનલની પહેલી મેચ પાકિસ્તાન અને ચીન વચ્ચે રમાશે.

# MILAD-UN-NABI – GREETINGS

મુસ્લિમ બિરાદરો આજે હઝરત મોહમ્મદ પયગંબરના જન્મદિવસ મિલાદ-ઉન-નબીની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરી રહ્યા છે. તેઓ એકબીજાને ઈદની

શુભેછાઓ પાઠવીને જુલૂસ પણ કાઢી રહ્યા છે. રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રીએ મિલાદ-ઉન-નબીના અવસર પર લોકોને, ખાસ કરીને મુસ્લિમ સમુદાયને શુભેચ્છા પાઠવી છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ તેમના સંદેશમાં જણાવ્યું કે મોહમ્મદ પયગંબર દરેકને પ્રેમ અને ભાઈચારાની લાગણીઓને મજબૂત કરવા પ્રેરણા આપે છે અને સમાજમાં સમાનતા અને સંવાદિતા પર ભાર મૂકે છે. ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે લોકોને રોજિંદા જીવનમાં કરુણા, ન્યાય અને નમ્રતાના પયગંબર હઝરત મોહમ્મદના આદર્શોને યાદ રાખવા જણાવ્યું હતું. પ્રધાનમંત્રી શ્રી મોદીએ સૌહાર્દ અને એકતા હંમેશા પ્રવર્તે અને ચારે બાજુ આનંદ અને સમૃદ્ધિ રહે તેવી આશા વ્યક્ત કરી છે.

# IMD WEATHER

દેશના હવામાન વિભાગે પશ્ચિમ બંગાળના ગંગા કિનારાના વિસ્તારમાં ભારે દબાણના કારણે આજે બિહાર, ઝારખંડ, ઓડિશા અને છત્તીસગઢમાં વિવિધ સ્થળોએ ભારે વરસાદની આગાહી વ્યક્ત કરી છે. વિભાગે જણાવ્યું કે, આ ભારે દબાણ છેલ્લા 6 કલાકમાં પાંચ કિલોમીટર પ્રતિકલાકની ઝડપથી પશ્ચિમ—ઉત્તર—પશ્ચિમ તરફ આગળ વધ્યું છે. આગામી 48 કલાક દરમિયાન આ દબાણ ઝારખંડ અને છત્તીસગઢમાં ઉત્તર-પશ્ચિમ તરફ વધે તેવી શક્યતા છે.

હવામાન વિભાગે જણાવ્યું કે, દબાણના કારણે ગઈકાલે ઝારખંડ, પશ્ચિમ બંગાળના ગંગા કિનારાના વિસ્તાર અને ઓડિશામાં ઉત્તરના કેટલાક ભાગોમાં ભારે વરસાદ વરસ્યો હતો. ઉપરાંત વિભાગે આગામી 6 દિવસ સુધી વિદર્ભ, મધ્ય મહારાષ્ટ્ર, મરાઠવાડા, ગુજરાત અને ઉત્તરપ્રદેશમાં સામાન્યથી મધ્યમ વરસાદની આગાહી પણ વ્યક્ત કરી છે.

# SRILANKA PREZELECTION

શ્રીલંકામાં આ શનિવારે યોજાનારી રાષ્ટ્રપતિપદ માટેની ચૂંટણી માટે પ્રચાર અભિયાન વેગવાન બન્યું છે. ઉમેદવાર મતદારોને રિઝવવાનો પ્રયાસ કરી રહ્યા છે. ગઈકાલે ચૂંટણી સભાઓને સંબોધન કરતાં વર્તમાન રાષ્ટ્રપ્રમુખ રાનિલ વિક્રમસિંઘે એ કહ્યું કે, તેમનો પ્રાથમિક ઉદ્દેશ્ય લોકોનું જીવન વધુ સારું બનાવવાનો છે. તેમણે આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળની સાથે કરવામાં આવેલા કરારને યથાવત્ રાખવા તેમ જ તેમની સાથે આગળ વધવાના મહત્વ પર ભાર મુક્યો હતો.

દરમિયાન વિપક્ષના નેતા સાજિથ પ્રેમદાસાએ એક રેલીમાં કહ્યું કે, તેમની સરકાર એક વિસ્તૃત ગરીબી નાબૂદી કાર્યક્રમ ચલાવશે, જેના થકી પેન્શન ધારકો સહિતના લોકોને મદદ મળશે. તેમણે આવાસ યોજનાઓને ફરી શરૂ કરવાની પણ વાત કહી હતી.

## ENGLISH CHANNEL DROWNING

ફ્રાન્સથી ઈંગ્લેન્ડ જતી ઈંગ્લિશ ચેનલ પાર કરવાનો પ્રયાસ કરતા આઠ લોકોના મોત થયા હોવાના અહેવાલ છે. ફ્રેન્ચ અને બ્રિટીશ બચાવ સેવાઓના જણાવ્યા પ્રમાણે એરીટ્રિયા, સુદાન, સીરિયા અને ઈરાન સહિતના દેશોના લગભગ 60 લોકો સાથેની હોડી પાણીમાં ફસાંતા આ બનાવ બન્યો હતો. અગાઉ પણ અહી કેટલાક પ્રવાસીઓને લઈ જઈ રહેલી એક હોડી ડૂબી જતાં છ બાળકો અને એક મહિલા સહિત 12 લોકોના મોત થયા હતા.

## EUROPE FLOOD-TYPHOON CHINA

યુરોપમાં આવેલા વાવાઝોડા બોરિસના કારણે ભારે વરસાદ થયો હોવાના અહેવાલ છે. જેને કારણે આવેલા પૂરમાં આઠ લોકોના મોત થયા છે. રોમાનિયામાં પૂરના કારણે છ લોકોના મોત થયા છે જ્યારે ઓસ્ટ્રિયામાં અગ્નિશામક દળના એક કર્મચારીનું મૃત્યુ થયું હતું. પોલેન્ડમાં પણ એક વ્યક્તિનું ડૂબી જતાં મોત થયું હતું.

હવામાન વિભાગે આજે વરસાદ અને ભારે પવનની શક્યતા વ્યક્ત કરી છે. ચીનના શાંઘાઈમાં પણ વાવાઝોડા બેબિન્કાના કારણે ભારે પવન અને વરસાદ થયો હતો. જેને કારણે વિમાન સેવા સહિત ધોરી માર્ગો બંધ કરવામાં આવ્યા હતા અને દરિયાકાંઠાના રહેવાસીઓને સ્થળાંતરીત કરાયા હતા.

# KARNATAKA ACCIDENT

કર્ણાટકના બેલગામમાં આઠ વાહન વચ્ચે થયેલા માર્ગ અકસ્માતમાં ચાર લોકોના મોત અને છ લોકો ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયા હોવાના અહેવાલ છે. મૃતકોમાં 2 બાઈક સવાર અને 2 કાર સવાર સામેલ હતા. પોલીસના જણાવ્યા મુજબ, આઠ વાહન એક પછી એક ટકરાતા આ અકસ્માત સર્જાયો હતો.

પોલીસ આ ઘટનાની તપાસ કરી રહી છે. કન્ટેનર વાહનચાલકની બેદરકારીના કારણે ત્રણ કાર, 2 લારી, એક કન્ટેનર અને બાઈક વચ્ચે ટક્કર થઈ હોવાનું પોલીસે જણાવ્યું હતું. વધુ એક દુર્ઘટના તુમકુર જિલ્લાના ગુબ્બી તાલુકામાં સર્જાઈ હતી. અહીં એક કાર ડિવાઈડર સાથે અથડાતાં સાત વર્ષની બાળકીનું મોત નીપજ્યું હતું.